# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1) પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતીની ચર્ચા માટે સરકારે આજે સર્વપક્ષિય બેઠક બોલાવી

2) કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે કોવિડ પછીના યુગમાં દેશભરમાં અંદાજે એક હજાર ૨૪ નવી ટ્રેનો શરૂ કરવામાં આવી

3) દેશમાં ઇંધણની કોઇ અછત ન હોવાનું સરકારી ઓઇલ કંપનીઓએ નાગરિકોને આશ્વાસન આપ્યું

4) સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને પશ્ચિમ બંગાળની SIR પ્રક્રિયામાં વિચારણા હેઠળના મતદારોના મુદ્દાનો ઉકેલ લાવવાનો મૌખિક નિર્દેશ આપ્યો

5) વર્ષ 1971ની 25 માર્ચ ની રાત્રે પાકિસ્તાની દળો દ્વારા બાંગ્લાદેશમાં કરવામાં આવેલા નરસંહારના દિવસની સ્મૃતિમાં મૃતકોને શ્રધ્ધાંજલી અર્પવામાં આવી રહી છે

6) અમેરિકાએ યુધ્ધ સમાપ્ત કરવા મધ્યસ્થી દ્વારા ઇરાનને 15-મુદ્દાનો પ્રસ્તાવ મોકલ્યો

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# GOVT - ALL PARTY MEETING

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ પર ચર્ચા કરવા માટે સરકારે આજે સાંજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સર્વપક્ષીય બેઠક સંસદ સંકુલમાં યોજાશે. સંસદ પરિસરમાં પત્રકારો સાથે વાત કરતા કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે સરકારે વિપક્ષો સાથે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે આ બેઠક બોલાવી છે.

રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (A) ના વડા અને કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન, પશ્ચિમ એશિયા કટોકટી પર ચર્ચા થશે, અને દરેકે પોતાના દ્રષ્ટિકોણ રજૂ કરવા જોઈએ.

અગાઉ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ પર સંસદના બંને ગૃહોમાં નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે સરકારે તેલ, ગેસ અને ખાતરોનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે જરૂરી તૈયારીઓ કરી છે

# LS- RAILWAY

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે કોવિડ પછીના યુગમાં દેશભરમાં અંદાજે એક હજાર ૨૪ નવી ટ્રેનો શરૂ કરવામાં આવી છે. આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે હાલની ટ્રેનોમાં ૪ હજાર ૬૫૧ નવા કોચ પણ ઉમેરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ગરીબ અને મધ્યમ વર્ગ માટે રેલવે પરિવહનનું માધ્યમ છે.

(બાઇટ - અશ્વિની વૈષ્ણવ)

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ૩ કરોડથી વધુ નકલી IRCTC એકાઉન્ટ્સ નિષ્ક્રિય કરવામાં આવ્યા છે.

રેલવે સલામતી અંગે મંત્રીએ જણાવ્યું હતું કે સલામતી માટે ૧ લાખ ૨૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. તેનાથી ટ્રેન અકસ્માતોમાં ૯૦ ટકાનો ઘટાડો થયો છે.

# LS – SOLAR ENERGY

કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે યુપીએ સરકાર દરમિયાન દેશની સૌર મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા 3 ગીગાવોટ થી વધીને 172 ગીગાવોટ થઈ છે. લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે યુપીએ શાસન દરમિયાન શૂન્ય સોલાર સેલ ઉત્પાદન ક્ષમતા હવે 27 ગીગાવોટ થઈ ગઈ છે

તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારની પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજના હેઠળ, દેશભરમાં ઇન્ગોટ અને વેફર સેલના ઉત્પાદન માટેના પ્રોજેક્ટ્સની પણ જાહેરાત કરવામાં આવી છે. પવન ઉર્જા ક્ષેત્રમાં, મંત્રીએ કહ્યું કે સ્થાપિત 21 ગીગાવોટથી વધીને હવે 55 ગીગાવોટ થઈ ગઈ છે. બીજા પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે પ્રધાનમંત્રી સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના હેઠળ દેશભરમાં દરરોજ લગભગ 10 હજાર  સૌર સ્થાપનો કરવામાં આવી રહ્યા છે.

# BPCL HPCL-FUEL

ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમે કહ્યું છે કે દેશભરમાં ઇંધણની કોઈ અછત નથી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે LPG, ક્રૂડ ઓઇલ, પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ટર્બાઇન ઇંધણનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને સપ્લાય ચેઇન કોઈપણ વિક્ષેપ વિના સરળતાથી કાર્યરત છે. તેમણે એ પણ સ્પષ્ટતા કરી છે કે અમુક વિસ્તારોમાં પેટ્રોલ અને ડીઝલની અછત અંગેની અફવાઓ સંપૂર્ણપણે પાયાવિહોણી છે. પેટ્રોલિયમ કંપનીઓએ નાગરિકોને ગભરાવાની કે બિનજરૂરી ખરીદી ન કરવાની સલાહ આપી છે.

# CENTRE – PIPELINE

સરકારે દેશમાં ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવા માટે કુદરતી ગેસ અને પેટ્રોલિયમ ઉત્પાદન પાઇપલાઇન નાખવાની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે એક નવો આદેશ જારી કર્યો છે. હોર્મુઝ સ્ટ્રેટમાં અવરોધને કારણે ઇંધણ પુરવઠામાં સંભવિત વિક્ષેપો અંગે વધતી ચિંતાઓને ધ્યાને રાખી આ નિર્દેશ આપવામાં આવ્યો છે. સરકારી આદેશમાં જણાવાયું છે કે ઘરેલુ ગ્રાહકોને પાઇપલાઇન કુદરતી ગેસ પુરવઠો વધારવાથી પાઇપલાઇન સુવિધાઓ વિનાના વિસ્તારોમાં LPG ની ઉપલબ્ધતામાં વધારો થશે.

આ આદેશ પેટ્રોલિયમ એક્ટ, 1934 હેઠળ વ્યાખ્યાયિત અને કેન્દ્ર સરકાર દ્વારા લાઇસન્સ પ્રાપ્ત તમામ જાહેર સંસ્થાઓ, હાઉસિંગ સોસાયટીઓ અને અધિકૃત સંસ્થાઓને લાગુ પડે છે. તે અધિકૃત સંસ્થાઓને નિર્ધારિત સમયમર્યાદામાં પાઇપલાઇન નાખવા માટે અધિકૃત કરે છે, જે માર્ગના અધિકાર કરારોમાં વિલંબ અને સ્થાનિક અધિકારીઓ દ્વારા લાદવામાં આવતી ગેરવાજબી ફી જેવી સમસ્યાઓનું સમાધાન કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# ECI-SC

સર્વોચ્ચ અદાલતે મૌખિક રીતે ECI ને પશ્ચિમ બંગાળની SIR પ્રક્રિયામાં વિચારણા હેઠળના મતદારોના મુદ્દાનો ઉકેલ લાવવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે જણાવ્યું હતું કે જે મતવિસ્તારોમાં અગાઉ મતદાન થયું હતું, પહેલા ત્યાં કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

ચૂંટણી પંચે ગઈકાલે સર્વોચ્ચ અદાલતને જાણ કરી હતી કે હવેથી, તે દરરોજ પૂર્ણ થયેલા નિર્ણયોની દૈનિક યાદી પ્રકાશિત કરવાનો પ્રયાસ કરશે. આ હેતુ માટે, કમિશન કલકત્તા વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશનો સંપર્ક કરશે.

સુપ્રીમ કોર્ટે એ પણ સૂચના આપી હતી કે વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારોના નામો વહેલા નક્કી કરવામાં આવે.

# KERALAM NOMINATIONS

કેરળમમાં નામાંકન પત્રોની ચકાસણી મંગળવારે યોજાઈ હતી. ઉમેદવારોની અંતિમ તસવીર આવતીકાલે નામાંકન પરત ખેંચ્યા પછી ઉપલબ્ધ થશે.

ચૂંટણી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચકાસણી પ્રક્રિયા બાદ અત્યાર સુધીમાં ત્રણ ઉમેદવારોએ તેમના નામાંકન પાછા ખેંચી લીધા છે. રાજ્યભરમાં પ્રાપ્ત થયેલા 2,125 ઉમેદવારી પત્રોમાંથી, ચકાસણી દરમિયાન 354 નામાંકન રદ કરવામાં આવ્યા હતા. જેમ જેમ પ્રચાર ગતિ પકડી રહ્યો છે, તેમ તેમ cVigil પોર્ટલ દ્વારા નોંધાયેલી ફરિયાદોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ફક્ત મંગળવારે જ, પ્લેટફોર્મ દ્વારા 8,340 ફરિયાદો નોંધાઈ હતી, જેમાંથી 8,207નો ઉકેલ આવી ગયો છે.

# BJP-TMC

ભાજપ પ્રમુખ નીતિન નવીન આજે કોલકાતાના સોલ્ટ લેક ખાતે સંગઠનાત્મક બેઠકની અધ્યક્ષતા કરશે. અગાઉ, ગઈકાલે એક બેઠકમાં, તેમણે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રચારને વધુ સઘન બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને ચૂંટણી સંબંધિત પ્રચાર માટે વ્યૂહરચના  બનાવવાનો આદેશ આપ્યો હતો. તેમણે પશ્ચિમ બંગાળમાં પાર્ટીના નેતાઓ સાથે ચૂંટણી વ્યૂહરચનાઓની વિગતવાર ચર્ચા પણ કરી હતી. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ પશ્ચિમ બંગાળ વિધાનસભાની સામાન્ય ચૂંટણી જીતવા માટે કોઈ કસર છોડશે નહીં. નીતિન નવીન ગઈકાલે બે દિવસની મુલાકાતે શહેરમાં આવ્યા હતા.

બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી આજે ઉત્તર બંગાળના મયનાગુરી, ડાબગ્રામ-ફુલબારી અને માટીગરા-નક્સલબારી વિધાનસભા મતવિસ્તારો માટે પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં ત્રણ જાહેર રેલીઓને સંબોધિત કરશે.

# DAY BANGLADESH GENOCIDE DAY

બાંગ્લાદેશ આજે 25 માર્ચ, 1971 ની રાત્રે પાકિસ્તાની દળો દ્વારા ઓપરેશન સર્ચલાઇટ કોડનેમ હેઠળ કરવામાં આવેલા ક્રૂર લશ્કરી કાર્યવાહીના ભોગ બનેલા લોકોની યાદમાં નરસંહાર દિવસે શ્રધ્ધાંજલી અર્પવામાં આવી રહી છે.

આ દિવસ દેશના ઇતિહાસના સૌથી કાળા પ્રકરણોમાંનો એક છે, જ્યારે નિઃશસ્ત્ર વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નાગરિકોને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા..

રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીન અને  પ્રધાનમંત્રી તારિક રહેમાને મૃતકોને શ્રદ્ધાંજલિ આપતા સંદેશાઓ જારી કર્યા હતા અને સ્વતંત્રતા સંગ્રામની ભાવનાને જાળવી રાખવાની રાષ્ટ્રની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે. આજે રાષ્ટ્રવ્યાપી શોકાંજલીના ભાગ રૂપે, રાત્રે 10:30 થી રાત્રે 10:31 વાગ્યા સુધી પ્રતીકાત્મક એક મિનિટનો બ્લેકઆઉટ રાખવામાં આવશે. સાંભળીએ એક અહેવાલ...

(VC: NAVALSINGH)

# DAY-WEST-ASIA-CONFLICT

પશ્ચિમ એશિયા સંઘર્ષ તેના 26મા દિવસે પણ ચાલુ છે, રાજદ્વારી પ્રવૃત્તિઓ તીવ્ર બની રહી છે. અમેરિકાએ એમ પણ કહ્યું કે તેણે લડાઈને સમાપ્ત કરવાના હેતુથી મધ્યસ્થી દ્વારા ઇરાનને 15-મુદ્દાનો પ્રસ્તાવ મોકલ્યો છે.અમેરિકાએ 82મા એરબોર્ન વિભાગના આશરે 2 હજાર સૈનિકોને પશ્ચિમ એશિયામાં ઝડપી પ્રતિક્રિયા દળ તરીકે તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. અમેરિકાએ એમ પણ કહ્યું કે તેણે લડાઈને સમાપ્ત કરવાના હેતુથી મધ્યસ્થી દ્વારા ઇરાનને 15-મુદ્દાનો પ્રસ્તાવ મોકલ્યો છે.

બીજીતરફ ઇઝરાયલી સેનાએ દક્ષિણ લેબનોનમાં કામગીરી તીવ્ર બનાવી છે. ઇઝરાયલના સંરક્ષણ મંત્રી ઇઝરાયલ કાત્ઝે જણાવ્યું હતું કે સુરક્ષા કારણોસર સેના લિટાની નદી સુધીના વિસ્તારોને નિયંત્રિત કરવાનો ઇરાદો ધરાવે છે. બેરૂત નજીક ઇઝરાયલી હુમલાઓ થયાના અહેવાલ છે, જેમાં બાશમૌનના રહેણાંક વિસ્તારમાં બે લોકો માર્યા ગયા અને પાંચ અન્ય ઘાયલ થયા. દક્ષિણ લેબનોનમાં લડાઈ ચાલુ છે, જેમાં જાનહાનિ અને વિસ્થાપન વધી રહ્યું છે.

અમેરિકાએ 82મા એરબોર્ન વિભાગના આશરે 2 હજાર સૈનિકોને પશ્ચિમ એશિયામાં ઝડપી પ્રતિક્રિયા દળ તરીકે તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. અમેરિકાએ એમ પણ કહ્યું કે તેણે લડાઈને સમાપ્ત કરવાના હેતુથી મધ્યસ્થી દ્વારા ઇરાનને 15-મુદ્દાનો પ્રસ્તાવ મોકલ્યો છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે એવો પણ દાવો કર્યો હતો કે યુએસ દળોએ ઈરાનની અંદર 9 હજાર થી વધુ લશ્કરી થાણાઓનો નાશ કર્યો છે.